

# રામભક્ત



वर्ष : २१, - अंक संख्या : ७ - सलंग अंक : २३१
वि.सं. : २०८२ निज जेठ - दिनांक : १०-७-२०२६

## ગુરુપુર્ણિમા ની હાર્દિક શુભકામનાઓ..



**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ)**
સ્થાપના : તા.૭-૧-૧૯૭૯ ટ્રસ્ટ રજી.નં.એફ.૧૯૧ ભાવનગર

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા - ૩૬૪૫૧૫
E-mail : rambhakt.svkd@gmail.com • http://www.rambhaktsvkd.org
વોટ્સએપ નં. ૯૪૦૯૮ ૫૧૨૫૧ • ફોન નં. ૦૨૮૪૫ ૨૯૯૩૦૦

## શ્રી બજરંગ દાસ બાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય સાવરકુંલા ને કાયમી મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત રૂા.૧૫૧૦૧/- તિથીદાન (મોટાવડાળા) રાજકોટ.



**સ્વ. પુરૂષોતમદાસ જગજીવનદાસ લશ્કરી**

મોટા વડાળા હાલ રાજકોટ નિવાસી યાજ્ઞિકભાઈ પુરૂષોત્તમદાસ લશ્કરી ના પુજ્ય પિતાશ્રી સ્વ. પુરૂષોતમદાસ જગજીવનદાસ લશ્કરીની પાંચમી પુણ્યતિથી એ શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકૂળ કન્યા છાત્રાલયને યાદ કરી. પૂ. પિતાશ્રીની પાંચમી તિથી એ દયાવિધિ કાયમી મિષ્ટ ભોજન તિથી યોજના માં રૂ. ૧૫૧૧૧/- એક તિથી દાન મળેલ છે.રાજ્યમંડળ નાં ચેરમેન શ્રીમાન કિશોર ભાઈ એચ. નિમ્બાર્ક ના વેવાઈની પુણ્યતિથી એ દાન મળેલ છે. ગુરૂકૂળ પરિવાર હૃદય થી આભાર વ્યકત કરે છે.

**પુણ્યતિથી :- વૈશાખ સુદ- ૩ તા. ૧૪-૫-૨૦૨૧**

**:: હસ્તે ::**

શ્રી ધીરજલાલ જગજીવન દાસ લશ્કરી (ભાઈ)
શ્રી યાજ્ઞિકભાઈ પુરૂષોતમદાસ લશ્કરી (પુત્ર)
શ્રીમતિ ઉર્વશીબેન યાજ્ઞિકભાઈ લશ્કરી (પુત્રવધુ)

પ્રેરણાઃ - દિનેશભાઈ દલપતરામ નિમાવત (નકેનામ)
કૌષિકભાઈ અશોકભાઈ અનંત (નકેનામ)

**રૂા.૧૫૧૧૧/- પ.નં. ૪૦૧/૪૦૨ થી જમા**

## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકૂળ કન્યા છાત્રાલય સાવકુંડલા ને કાયમી મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત રૂા.૧૫૧૧૧/- તિથી દાન - મોરબી



**સ્વ.રતિલાલ આર. દેવમુરારી**

મોરબી નિવાસી હરેશભાઈ રતિલાલજી દેવમુરારી ના પૂ. પિતાશ્રી **સ્વ.રતિલાલ આર. દેવમુરારી ની ૧૬ મી વાર્ષિક પુણ્યતિથી** તા-૨૧/૬/૨૬ ના રોજ સંસ્થામાં આવીને પરિવાર દ્વારા છાત્રબાળાઓને ફુલસ્કેપ ચોપડા વિતરણ કરીને મિષ્ટ ભોજન આપેલ તેમજ પ્રમુખશ્રી દ્વારા હરેશભાઈ સાહેબને કાયમી તિથી બાબતે જણાવતા પરિવાર રાજીથઈને પુ. પિતાશ્રીની કાયમી સ્મૃતિમાં રૂા.૧૫૧૧૧/- ની રકમ નું દાન મળેલ છે. ખુબજ આભાર વ્યક્ત કરવામાં આવેલ છાત્રાબાળાઓ દ્વારા હનુમાન ચાલીસા કરી પુ. પિતાશ્રીને શ્રધ્ધાંજલી અર્પવામાં આવેલ.

**કાયમી તિથીઃ- ૨૧/૦૬/૨૦૧૦ જેઠ સુદ-દશમ (જન્મ તા. ૧૪/૧૨/૧૯૩૫)**
પ્રેરણા :- અરૂણભાઈ ડી. દેવમુરારી

**હસ્તે**

**પૂ.બા - જયાબેન રતિલાલજી દેવમુરારી**
**શ્રી હરેશભાઈ રતિલાલજી દેવમુરારી** **શ્રીમતિ રાજશ્રીબેન હરેશભાઈ દેવમુરારી**
**શ્રી સૌમિલભાઈ હરેશભાઈ દેવમુરારી** **શ્રીમતિ કૃતિબેન સૌમિલભાઈ દેવમુરારી**

**રૂા-૧૫૧૧૧ પ.નં.૭૪૨૮ થી જમા તથા નોટબુક(ચોપડા) ૩૦૦ નંગ ભેટ મળેલ છે.**

# જનોઈ પ્રસંગ - મેંદરડા







માનવ જીવન અને પ્રકૃતિ વચ્ચેનો સંબંધ અતુટ છે, જેમાં દરેક પ્રસંગ પ્રકૃતિના ખોળે વધુ સુંદર અને જીવંત બને છે આવો જ એક સુંદર અવસર તા.૦૬/૦૫/૨૦૨૬ અને તા.૦૭/૦૫/૨૦૨૬ ના રોજ શ્રી રઘુવીરભાઈ બિહારીદાસ અગ્રાવત (ટ્રસ્ટી શ્રી ઘુનંદન રામસેતુ ચેરીટેબલ ટ્રસ્ટ ભાવનગર,મીડિયા કન્વીનર શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષમંડળ સાવરકુંડલા.મંત્રી શ્રી મેંદરડા તાલુકા રામાનંદી સાધુ સમાજ) ના ચિરંજીવી પુત્ર નિત્ય નો ઉપનયન સંસ્કાર પ્રસંગ ગરવા ગીરનાર ક્ષેત્રમાંસાસણ ગીર ની પાવન ભૂમિમાં આમવન ધરાવતા પ્રકૃતિમય રિસોર્ટ “ધ ક્રિસ્ટલ વુડ રિસોર્ટ ” કેનેડીપુર સાસણ ગીર ખાતે શાસ્ત્રોક વિધિ વિધાન અનુસાર યોજાયો હતો. આ અવસરને આનંદમય બનાવવા તેમજ ચિ.નિત્ય ને આશીર્વાદ આપવા સાધુ સંતો,સ્નેહીજનો તેમજ સમાજના વિવિધ મંડળોના આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગ ને યાદગાર બનાવવા માટે ચિ.નિત્ય ના દાદા શ્રી બિહારીભાઈ હરજીવનદાસ અગ્રાવત તરફ થી તેમની પાંચ દીકરીઓ પૂજાબેન ધર્મેન્દ્રકુમાર અગ્રાવત(મોરબી),મીનાક્ષીબેન તરુણકુમાર નિરંજન(ગોંડલ), નીતાબેન મુકેશકુમાર રામાનુજ(મોરબી), રેણુકાબેન પરેશકુમાર અગ્રાવત(રાજકોટ),જાનકીબેન નરેન્દ્રકુમાર કુબાવત(ટંકારા) આમ દરેક દીકરીને ૧૦૦૦૦૦(એક લાખ) ચેક આપ્યો તેમજ શ્રી રઘુનંદન રામસેતુચેરીટેબલ ટ્રસ્ટ ભાવનગર ના પ્રમુખશ્રી ભરતભાઈ રામાવત ને ખુશી ભેટ અનુદાન તરીકે ૫૧૦૦ તેમજ આપણા સમાજનું ગૌરવ એવી આપણી સંસ્થા શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ સાવરકુંડલા ને ૫૧૦૦ નું અનુદાન પ્રમુખ શ્રી અરૂણભાઈ દેવમુરારી મહામંત્રી શ્રી મનીષભાઈ પીપાવત ચેરમેન શ્રી કિશોરભાઈ નિમ્બાર્ક ને આપી આ પ્રસંગે હર્ષ ની લાગણી વ્યક્ત કરી હતી. પ્રસંગના અંતમાં શ્રી રઘુનંદન રામસેતુ ચેરીટેબલ ટ્રસ્ટ ભાવનગર ના હાજર રહેલ સર્વે આગેવાનોતેમજ શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ સાવરકુંડલા ના હાજર રહેલ સર્વે હોદ્દેદારો તેમજ કોડીનાર થી બકુલભાઈ અગ્રાવત. તાલાળા થી આશિષભાઈ સુખાનંદી.વિસાવદર થી વાસુદેવભાઈ નિમાવત અને પ્રો.ડૉ.અશ્વિનભાઈ નિરંજન જૂનાગઢ થી યજ્ઞેશભાઈ અગ્રાવત મેંદરડા ડૉ માર્મિકભાઈ દ્વારકા મંડળ ના ટ્રસ્ટી શ્રી હસુભાઈ રામાવત તથા ભાવનગર થી રામસેતુ ના ટ્રસ્ટી શ્રી ડૉ.નરેન્દ્રભાઈ વૈષ્ણવ અને ઈશ્વરભાઈ નિમાવત અને જયંતીભાઈ કુબાવત સાસણ સહિત નાં આગેવાનો અને સમાજબંધુઓ સ્નેહીજનો આભાર વ્યક્ત કરી શ્રી રામજીના સામૂહિક જયઘોષ સાથે આ પ્રસંગ સુખરૂપ પૂર્ણ કરવામાં આવ્યો હતો.જય સીયારામ...

રૂા. ૫૧૦૦/- પ.નં.૨૯૯ થી જમા



## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલયની છાત્રબાળાને ઈન્ટરનેશનલ એવોર્ડ પ્રાપ્ત થયો...અભિનંદન...

સાવરકુંડલા છાત્રાલયની છાત્રબાળા નિમાવત શ્રેયાબેન લાલદાસભાઈને શાળા દ્વારા રંગોત્સવ સ્પર્ધામાં ભાગ લીધો. જેમા રાજ્ય કક્ષાએ ઈન્ટરનેશનલ એવોર્ડ- શિલ્ડ તથા પ્રમાણપત્ર પ્રાપ્ત થયેલ છે. ખુબ ખુબ અભિનંદન સહ શુભકામના છાત્રાલય પરિવાર પાઠવે છે. આપ ઉત્તરોતર પ્રગતિ કરો તેવી પ્રાર્થના સહ અભિનંદન...

**લિ. સંચાલન સમિતિ.**
**શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ સાવરકુંડલા.**

બાયોડેટા

# નિમાવત દીપ કમલેશભાઇ



જન્મતારીખ : ૨૬/૦૬/૨૦૦૦
ઉંચાઈ : ૧૫૯ CM
વજન : ૬૨ kg
વાન : શામળો
વતન : જૂનાગઢ
વ્યવસાય : કૃષિ મદદનીશ, ખેતી નિયામક વિભાગ રાજકોટ(Government Job) અને ઉચ્ચ વર્ગની સરકારી નોકરીની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી
નોકરીનું સ્થળ : ખાવડા, ભુજ
વૈવાહિક સ્થિતિ : કુંવારા
પાત્રની અપેક્ષા : ફેમિલી ઓરિએન્ટેડ
શારીરિક રીતે સ્વસ્થ
(એકમાત્ર દીકરો)જન્માક્ષર માં માનતા નથી.

પિતાનું નામ : નિમાવત કમલેશભાઈ ચીમનદાસ
વ્યવસાય : નિવૃત
માતાનું નામ : નિમાવત દક્ષાબેન કમલેશભાઈ
વ્યવસાય : ફિમેલ હેલ્થ સુપરવાઈઝર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાસ્પા
હાલનું સરનામું : બાસ્પા, તા. સમી, જી. પાટણ, પિનઃ ૩૮૫૩૫૦
પરમેનેન્ટ સરનામું : સનસિટી સોસાયટી, વંથલી રોડ, જુનાગઢ.
મો. : ૭૯૮૪૫ ૨૮૪૫૪
મોસાળ : ભોડદર ગામ, પોરબંદર જિલ્લો

રૂા. ૧૫૦૦/- પ.નં.૭૪૧૬ થી જમા

બાયોડેટા



નામ : વૈષ્ણવ શૈલેષ બાબુભાઈ
જન્મ તારીખ : ૨૯/૦૮/૧૯૯૬
અભ્યાસ : ૧૦ પાસ
નોકરી : શેરવાની શોરૂમ
ધંધાનું સ્થળ : જવાહર ચોક, સુરેન્દ્રનગર
માસિક આવક : ૧૮,૦૦૦

પિતાનું નામ : કુબાવત બાબુભાઈ જગજીવનદાસભાઈ
માતાનું નામ : કુબાવત અનસુયાબેન બાબુભાઈ
બહેનો ની સંખ્યા : ૩ (પરણિત)
મુળ વતન : ટીંબા
હાલ : સુરેન્દ્રનગર
સરનામું : દેવ નંદન રેસિડેન્ટસી પાસે અજરામર પાર્ક, સરગમ હોટલ પાસે
કોન્ટેક્ટ નં : ૯૭૨૬૨ ૩૧૯૦૭, ૭૦૧૬૫ ૦૭૦૭૦
મોસાળ નું ગામ : ભાવનગર

રૂા. ૧૫૦૦/- પ.નં.૭૪૧૮ થી જમા


પૂ.બજરંગદાસબાપા

સોસાયટી એક્ટ રજી નં. ગુજ/૨૪૨ ટ્રસ્ટ રજી. નં. એફ, ૧૯૧ ભાવનગર

પરમ પૂજ્ય શ્રી દયારામબાપા પ્રેરીત

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું

# રામભક્ત

માસિક મુખપત્ર


પૂ.દયારામબાપા


## માલિક

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય – સાવરકુંડલા
જિ.અમરેલી (ગુજરાત) ૩૬૪૫૧૫

## તંત્રી/પ્રકાશક

શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ
ટ્રસ્ટીશ્રી,ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

## પ્રમુખશ્રી

અરૂણભાઈ ડી.દેવમુરારી – સાવરકુંડલા
મો.૯૪૨૭૪૯૧૦૦૬

## મહામંત્રી

મનીષભાઈ આઈ.પિપાવત – કારિયાણી
મો.૯૮૨૪૪૮૩૭૧૨

## પ્રકાશન સ્થળ

રામભક્ત કાર્યાલય
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય
સાવરકુંડલા – ૩૬૪૫૧૫

## મુદ્રક

**હરિ:ૐ ઓફસેટ** પાળિયાદ રોડ,બોટાદ ફોન : ૯૯૨૪૨ ૧૯૧૯૭

અધિક્ષકશ્રી : શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ)-સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૭૦૩૭૩

સહતંત્રીશ્રી : શ્રી ભરતભાઇ જે. નિમાવત - વિસાવદર
મો.૯૯૭૮૨ ૩૧૩૫૧

સંપાદકશ્રી : શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ
મો.૯૪૨૬૨ ૨૮૦૯૮

સહસંપાદકશ્રી : શ્રી પ્રતાપભાઈ એલ.દેવમુરારી - બાબરા
મો.૯૪૦૯૩ ૩૨૧૬૫

**: પ્રચાર મંત્રીશ્રીઓ :**

મનહરભાઈ એન.દેવમુરારી - શિહોર મો.૯૯૨૫૯૩૭૫૧૫
રશ્મીનભાઈ સી.અગ્રાવત - સુરત મો.૯૦૯૯૮૪૬૨૦૮
સમીરભાઈ આઈ.લશ્કરી - ભાવનગર મો.૯૮૭૭૩૭૩૮૩૯

**: પેટા કાર્યાલય :**

- **શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ - બોટાદ**
  વિશ્વપ્રેસ, એમ.ડી. સ્કૂલ સામે, અશોક વાટિકા સોસાયટી, પાળિયાદ રોડ, બોટાદ. મો.૯૯૭૪૦૫૩૬૫૩
- **શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ - પાલીતાણા**
  ૧૦, ગુ.હા.બોર્ડ કોલોની, ચિત્રકુટ, હવામહેલ રોડ, મું.પો.પાલીતાણા, જિ.ભાવનગર મો.૯૪૨૬૨૨૮૦૯૮
- **શ્રી અશોકભાઇ જે. રામાનુજ - સુરત**
  મુ.કામરેજ (સુરત) શ્રૃષ્ટી રેસીડેન્સી, બ્લોક નં.૧૬, મારૂતીનગરની બાજુમાં, કામરેજ ચાર રસ્તા, સુરત. મો.૯૪૦૮૫૨૮૭૪૭
- **શ્રી રઘુવીરભાઇ એમ. રામાનુજ - જોરાવરનગર**
  લાઇબ્રેરી પાસે, મું. જોરાવરનગર, જિ.સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨ મો.૯૬૬૨૫૪૫૦૫૬
- **શ્રી ઘનશ્યામભાઈ આર.નિમાવત - મોરબી**
  ઋષભનગર ૩ પ્લોટ નં.૬૫,ચબુતરા પાસે,મોરબી મો.૯૯૨૫૫ ૬૫૮૫૬



**પત્ર વ્યવહારનું સરનામું :- રામભક્ત કાર્યાલય, શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય,
ઉતાવળા હનુમાનજીની જગ્યા પાસે, મહાકાળી ચોક, હાથસણી રોડ,
9409851251 મું.પો.સાવરકુંડલા. જી.અમરેલી - ૩૬૪૫૧૫. મો.નં. : ૬૩૫૩૮૯૦૧૯૬, ૦૨૮૪૫-૨૯૯૩૦૦**

E-mail : rambhakt.svkd@gmail.com


**લવાજમ દરો...**

ભારતમાં વાર્ષિક રૂા.૩૦૦/- મુદતી ૧૦ વર્ષ રૂા.૨૫૦૦/- છુટક કિંમત રૂા.૩૦/-
કુરીયર સેવા - ચાર્જ : સૌરાષ્ટ્ર / ગુજરાત : ૨૦૦/- વાર્ષિક
કુરીયર ચાર્જ : અન્ય રાજ્યમાં : ૩૦૦/- વાર્ષિક

**સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.**

80G No. : AAFTS4033AF20224

## બેન્ક એકાઉન્ટમાં નાણા જમા કરાવવા બાબત

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય અને **રામભક્ત** મુખપત્ર માટે લવાજમ ભેટ, તિથીદાન કે કોઈપણ પ્રકારની ભેટ મોકલવા માટે બેન્કનો ઓનલાઈન ઉપયોગ કરી કોઈપણ પ્રકારના ચાર્જ વગર આપના નાણા સીધ્ધા બેન્કમાંજમા કરાવવા માટે **ભા.કિ.કો. બેન્ક** અથવા **એસ.બી.આઇ. બેન્ક** ની કોઈપણ શાખામાં **શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ**ના નામે નીચેના ખાતા માં જમા કરાવવા.

| | | |
|---|---|---|
| ૧. ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો. ઓ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૧૦૦૦૩૦૧૨૧૭૫ | IFSC : GSCB0BVN003 |
| ૨. એસ.બી.આઇ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૬૦૧૫૯૩૫૦૮૫ | IFSC : SBIN0060013 |

**બેંકમાં નાણા જમા કરાવી - WhatsApp No. 94098 51251 પર જાણ કરો.**



શાંતિવગરનું સુખ એ માત્રને માત્ર સુવિધા છે.

# તંત્રીની કલમે.....



## આત્મીય જ્ઞાતિબંધુ એવં વાચક વર્ગ.....
## નમસ્કાર સહ સૌને જય સિયારામ સાથ

બળવાન અને પરાક્રમી વ્યક્તિની સાંસારિક વ્યખયા કંઈક જુદી છે. અને તેનો આધ્યાત્મિક અર્થ અલગ છે. કેટલાક લોકો બળવાન હોય છે. પરંતુ પરાક્રમી નથી હોતા. સાંસારિક વસ્તુઓની પ્રાપ્તિમાં બળ અને પરાક્રમ યુધ્ધ જેવું કામ કરે છે. પરંતુ આધ્યાત્મ કહે છે, આ બંને ત્યારે જ માન્ય છે, જ્યારે તેમાંથી **કુમતી દુર થઈને સુમતિ પ્રાપ્ત કરી શકાય !** નહીતર દુર્યોધનની જેમ પતન થાય. તો **સુમતિને જીવનામાં લાવવા માટે કોઈ માર્ગદર્શક જીવન રૂપી નાવને પાર ઉતારવા કોઈ સાચા માલમી (નાવિકની) જરૂર રહે છે. જેને "સદ્‌ગુરૂ" કહેવાય છે.** ગુરૂનો અર્થ છે, "ગુ" એટલે અંધારૂં. અજ્ઞાન રૂપી અંધકાર માંથી જ્ઞાન રૂપી સુમતિરૂપ પ્રકાશ તરફ દોરનાર ને "ગુરૂ" કહેવાય છે. જેનું જીવનમાં અતિ મહત્વ છે.

ભગવાને સૃષ્ટીની રચના કરી ત્યારે પ્રકૃતિના બે ભેદ કર્યા છે. (૧) અપરા- એટલે જડ. (૨) પરા- એટલે ચેતન જેને સજીવો કહે છે. લક્ષ ચોરાશી માંથી જ્યારે મનુષ્ય શરીર ધારણ કરે છે ત્યારે તે જીવને કોઈ યુગ પુરૂષ - સાચા સંત મળે છે. અને જીવ તેનું શરણું સ્વીકારી આજ્ઞા અનુવર્તીમાં રહે છે ત્યારે તે ત્રીગુણી દોષથી પાર કરી જીવ માંથી શિવ બનાવી દે છે. પણ આવા સિધ્ધ પુરૂષ મળે ક્યારે? અને મળે તો ઓળખવા કેમ? વગેરે પ્રશ્નો છે. તો આનો એક જ ઉપાય છે **નિત્ય ભગવાન સ્મરણ - સત્સંગ થી તેની પ્રાપ્તિ થાય છે.** અને તે પોતે જાણ કરાવે છે. અને જાણ થયા પછી તેના થઈ જાવ એટલે બેડો પાર ! ખાલી નુગરા ન કહેવાઈએ તેથી ગમે તેની કંઠી બાંધી લેવાથી કોઈનું કલ્યાણ થવાનું નથી.

તો આવા સાચા માર્ગદર્શક સદ્‌ગુરૂની પ્રાપ્તિ થઈ હોય તે પૂર્વના પૂણ્યે ભાગ્યશાળી કહેવાય છે. અને **તેના ઋણ માંથી મુક્ત થવાના પ્રયાસનો દિવસ એટલે અષાઢ સુદ - પુનમ. જેને ગુરૂ પૂર્ણિમા કહેવાય છે.** તેમજ જેણે જીવન કેમ જીવવું તેવા શાસ્ત્રોના રચયિતા ભગવાન વેદ વ્યાસજી આદિ ગુરૂ કહેવાય છે તેથી " **વ્યાસ પૂર્ણિમા**" પણ કહેવાય છે. બ્રહ્મ ખુદ જ્યારે પણ મૃત્યુ લોક માં અવતરણ કરે છે. ત્યારે તેણે પણ ગુરૂ ધારણ કરવા પડે છે. રામ-કૃષ્ણાદિકે ગુરૂ ધારણ કર્યા છે ને ! રામચરિત માનસ માં તુલસીદાસજીએ ગુરૂનો મહિમા વર્ણવ્યો છે-

**सठ सुधरहि संत संगति पाई । पारस परसि कुधातु सुहाई ॥**

જેમ કુધાતું (લોખંડ) ને પારસમણીનો સંગ થવાથી સોનું બની જાય છે તેમ સઠ માણસ ને સદ્‌ગુરૂનો સંગ **નિત્ય સત્સંગ થવાથી જીવમાંથી શિવ બનાવી દે છે.** આમ તો આ નાદ અને બુંદ નો વિસ્તાર છે. બુંદ એટલે પિતા - પુત્રની પરંપરા અને નાદ એટલે શબ્દ-મંત્રની શિષ્ય પરંપરા. નાદ મંત્રમાં અમોઘ શક્તિ રહેલી છે. પણ આજે મંત્ર કેવો-કયો હોવો જોઈએ તેનો ખ્યાલ નથી. કરમની કઠણાઈ એ છે, વાણી ઉપર આજ કાલ માનવ સંયમ ગુમાવી રહ્યો છે.તમારા હોઠ પરથી સરી પડેલો એક શબ્દ પણ જો સામેની વ્યક્તિને ચહેરા પર સ્મિત અથવા ઉશ્કેરાટ લાવવા માટે પુરતો હોય તો પછી વિધીવત રીતે ઉચ્ચારેલા મંત્રનો પ્રભાવ અંગે કલ્પના કરી શકો છો? **દેવાધિદેવ જ્યારે આનંદ તાંડવ કરી રહ્યા હતા ત્યારે એમના ડમરૂં માંથી જે નાદ બ્રહ્માંડમાં પડઘાયો એજ બીજ મંત્રના સમન્વયથી આવી મંત્ર સાધના! ત્યારથી આવી ગુરૂ શિષ્ય પરંપરા.** મા પાર્વતીના આગ્રહથી આપ્યો "**ર**" કાર "**મ**" કારનો મહામંત્ર "રામ" જે અનાદિ છે. પણ આજે સંપ્રદાયો પોત-પોતાના મંત્ર નો રાફડો ફાડ્યો છે ખેર!

**महामंत्र कोई जपत महेशु । काशी मुक्ति हेतु उपदेशु ॥**

તો મૂળ વાત જેમ લોખંડની ખીલીને સમુદ્રમાં નાખવાથી ડુબી જશે પણ લાકડાના પટિયામાં ખીલી ને જડી દેવાથી ખીલી તરી જાય છે. લાકડાનો સ્વભાવ તરવાનો છે તેમ **સદ્‌ગુરૂનો સ્વભાવ જીવને તારવાનો છે.** પણ ખીલી ની જેમ પાટિયામાં જડાઈ જવું જોઈએ, ભળી જવું જોઈએ. નિત્ય સત્સંગથી તરી જવાય છે. કારણ ! **સદ્‌ગુરૂ તારક છે. તો ગુરૂ પૂર્ણિમાના પાવન અવસરે સૌ પોત-પોતાના ગુરૂજીની વંદના કરીએ... કેમ કે, ગુરૂ તારો પાર ન પાયો, પૃથ્વીના માલિક તમે રે તારો તો અમે તરીએ....**

**તંત્રી**



શબ્દો કરતા મૌન હંમેશા મુલ્યવાન હોય છે.

# એક જ નજરમાં તમામ સરકારી યોજનાઓ માટે જરૂરી ડોક્યુમેન્ટ્સની સંપૂર્ણ લિસ્ટ!

સંકલન: પ્રેસ મિડીયા દ્વારા
ડો. અશ્વિનભાઈ રામાનુજ
(પૂર્વ પ્રમુખ)

| આવકનો દાખલો | જાતિનો દાખલો | ક્રિમી લેયર સહાય | નોન-ક્રિમી લેયર સર્ટિફિકેટ |
|---|---|---|---|
| અરજી ફોર્મ<br>આધાર કાર્ડ<br>રેશન કાર્ડ<br>ચૂંટણી કાર્ડ<br>સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ<br>તલાટીનો આવક દાખલો<br>છેલ્લું લાઈટ બિલ | અરજી ફોર્મ<br>આધાર કાર્ડ<br>રેશન કાર્ડ<br>સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ<br>પિતા/ભાઈ/બહેનનું જાતિ પ્રમાણપત્ર<br>તલાટીનો દાખલો<br>છેલ્લું લાઈટ બિલ | અરજી ફોર્મ<br>રેશન કાર્ડ<br>સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ<br>તલાટીની ૧૦ વર્ષનો રહેઠાણ દાખલો<br>રહેઠાણ અંગેનું સોગંદનામું<br>છેલ્લું લાઈટ બિલ<br>જાતિનો દાખલો<br>પોલીસ સ્ટેશનનો દાખલો | અરજી ફોર્મ<br>રેશન કાર્ડ<br>જાતિનો દાખલો<br>સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ<br>વાલીનું આવકનું સોગંદનામું<br>છેલ્લું લાઈટ બિલ<br>આવકનો દાખલો |

| દિવ્યાંગ સર્ટિફિકેટ | ધાર્મિક લઘુમતીનો દાખલો | અપડેટ રોજગાર કાર્ડ | નવું રોજગાર કાર્ડ |
|---|---|---|---|
| અરજી ફોર્મ<br>રેશન કાર્ડ<br>સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ<br>જન્મનો દાખલો<br>ચૂંટણી કાર્ડ<br>છેલ્લું લાઈટ બિલ | અરજી ફોર્મ<br>રેશન કાર્ડ<br>સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ<br>તલાટીનો આવક દાખલો<br>છેલ્લું લાઈટ બિલ<br>સ્કૂલનો ધાર્મિક લઘુમતીનો પત્ર | અરજી ફોર્મ<br>રેશન કાર્ડ<br>જૂનું રોજગાર કાર્ડ<br>આધાર કાર્ડ<br>જન્મનો દાખલો<br>બેંક પાસબુક<br>તલાટીનો દાખલો<br>લાઈટ બિલ | અરજી ફોર્મ<br>રેશન કાર્ડ<br>શાળા છોડયાનો દાખલો<br>આધાર કાર્ડ<br>આવકનો દાખલો<br>બેંક પાસબુક<br>તલાટીનો દાખલો<br>લાઈટ બિલ |

| રેશનકાર્ડમાં નામ દાખલ કરવું | આધારકાર્ડ મેળવવું | નિરાધાર વૃદ્ધ સહાય યોજના | વિધવા સહાય મેળવવી |
|---|---|---|---|
| અરજી ફોર્મ<br>ચૂંટણી કાર્ડ<br>રેશન કાર્ડ<br>આધાર કાર્ડ<br>જન્મનો દાખલો<br>પરિણીત મહિલાના<br>કિસ્સામાં લગ્નનો દાખલો | 'ID Proof (એક)':<br>ચૂંટણી કાર્ડ<br>પાન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ<br>પાસપોર્ટ<br>'Address Proof (એક)':<br>રેશન કાર્ડ<br>લાઈટ બિલ,ગેસ બુક | અરજી ફોર્મ<br>રેશન કાર્ડ<br>સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ<br>ચૂંટણી કાર્ડ<br>બેંક પાસબુક<br>આધાર કાર્ડ | અરજી ફોર્મ<br>રેશન કાર્ડ<br>સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ<br>પતિનું મૃત્યુ પ્રમાણપત્ર<br>ચૂંટણી કાર્ડ<br>છેલ્લું લાઈટ બિલ<br>સંતાનોના જન્મના દાખલા |

| પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) | માં અમૃતમ્ કાર્ડ | મા વાત્સલ્ય કાર્ડ | વય વંદના યોજના |
|---|---|---|---|
| સહાય અરજી<br>૭/૧૨ ઉતારો<br>રહેઠાણની વિગતો<br>આધાર કાર્ડ<br>ચૂંટણી કાર્ડ | અરજી ફોર્મ<br>રેશન કાર્ડ<br>ચૂંટણી કાર્ડ<br>આધાર કાર્ડ<br>આવકનો દાખલો | અરજી ફોર્મ<br>રેશન કાર્ડ<br>ચૂંટણી કાર્ડ<br>આધાર કાર્ડ<br>આવકનો દાખલો | અરજી ફોર્મ<br>રેશન કાર્ડ<br>સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ<br>આધાર કાર્ડ<br>૦ થી ૧૬ વર્ષની અપંગતા BPL યાદી<br>બેંક પાસબુક |

## વિજ્ઞપ્તી જરૂર વાંચો

આપણા રાજ્ય મંડળના ટ્રસ્ટી શ્રી લાભુબેન દેવમુરારી દ્વારા રામાયણ કસોટી રામભક્તના માધ્યમથી પ્રકાશિત કરતા ત્યારે જે પ્રોત્સાહિત ઈનામો આપતા તેમાં એક વખત બહેન તરફ થી એક ફોટો મોકલેલ છે. રામચંદ્રજી, લક્ષ્મણજી, ભરતજી અને શત્રઘ્નજી ઘોડા ઉપર સવારી કરી રહ્યા છે. તેવા ફોટા પ્રોત્સાહિત લાભાર્થીને આપેલા તો ફોટાની લાભુબેનને જરૂર હોય કોઈની પાસે ઉપલબ્ધ હોય તો રામભક્ત કાર્યાલયે મોકલી આપશો તેવી વિનંતી.

**તેમના ટેલીફોનીક સંદેશા થી પ્રકાશિત**




**''સમસ્ત રામાનંદી સાધુ સમાજ નો તેજસ્વી વિદ્યાર્થી સત્કાર સન્માન સમારોહ તેમજ વિદ્યાર્થીઓને નીઃશુલ્ક ચોપડાવિતરણ થયુ. રાજકોટ''**

**''સમસ્ત રામાનંદી સાધુ સમાજના ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓને તદન નીઃશુલ્ક અડધો ડઝન ફૂલ સ્કેપ ચોપડાનું થયું વિતરણ''**

**''સંતો મહંતો, સામાજીક આગેવાનોની વિશેષ ઉપસ્થિતિ રહી...**
**માતૃ શક્તિ વંદના અંતર્ગત રામાનંદી સાધુ સમાજની નારીઓને અપાયો નારી રત્ન એવોર્ડ...''**

સમસ્ત રામાનંદી યુવા સમાજ રાજકોટ દ્વારા સમસ્ત રામાનંદી સાધુ સમાજ ના રાજકોટમાં વસ્તા તમામ પરીવાર ના ગત વર્ષ માં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે વિદ્યાર્થી સત્કાર સમારંભ તથા નિઃશુલ્ક ફુલ સ્કેપ ચોપડા વિતરણ તારીખ-૧૪-૦૬-૨૦૨૬ ના સમય - બપોરે ૩:૩૦ કલાકે સ્થાન- 'સેવા ભારતી ભવન' મધ્યસ્થ ખંડ પ્રથમ માળ,અમુલ સર્કલ પાસે. એસ.ટી સ્માર્ટ બસ સ્ટોપ સામે, ભાવનગર રોડ રાજકોટ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમ માં વિદ્યાર્થીભાઈઓ બહેનો જે ધોરણ ૧ થી ૧ ૨ માં ઉતીર્ણ થયા હોય તેમાંથી પેલા બીજા અને ત્રીજા નંબર ના વિદ્યાર્થી ને જાહેર કરીસન્માન કરવમાં આવ્યું. તેમજ આવનાર રજીસ્ટ્રેશન કરેલ ૭૦૦ થી વધુ વિદ્યાર્થી ભાઈઓ બહેનો ને તદન નીઃશુલ્ક અડધોડઝન ફૂલ સ્કેપ ના ચોપડા વિતરણ કરવામાં આવ્યું. તેમજ સમસ્ત રામાનંદી સાધુ સમાજમાં સ્ત્રી સશક્તિકરણ થાય અને સ્ત્રીઓ પોતાના ક્ષેત્રે વધુ આગળ વધે અને સમાજ અને દેશ નુ નામ રોશન કરે તેવા શુભઆશય થી કે જે સ્ત્રીઓ કે પોતાનાક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે તેનું સન્માન જાહેર મંચ પર થી માતૃ શક્તિ વંદના અંતર્ગત રામાનંદી સાધુ સમાજની નારીઓનેનારી રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. તેમજ અગામી દિવસોમાં સમસ્ત રામાનંદી સાધુ સમાજમાં સ્ત્રી સશક્તિકરણપ્રત્યે વધુ ધ્યાન આપી ઉમદા કાર્ય થાય તે માટે એક ટીમ ની પણ નિયુક્તિ કરવામાં આવી. આ કાર્યક્રમ સંતો મહંતો નીઅધ્યક્ષતા માં યોજાયો હતો. આ કાર્યક્રમ માં પરમ પૂજય ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી લલીત કિશોર શરણજી (નિમ્બાર્ક પીઠ પીઠાધીશ્વર મોટા મંદિર લીંબડી), પરમ પૂજય ૧૦૦૮ મહામંડલેશ્વર સુખરામદાસ બાપુ(ખાખીમઢી રામજીમંદિર મેંદરડા),પરમ પૂજય ૧૦૦૮ મહામંડલેશ્વર ત્યાગી મનમોહનદાસ જી (જગન્નાથ જી મંદિર રાજકોટ), માન. ડો. હાર્દિકભાઈ નિમ્બાર્કસંયોજક શ્રી, કુટુંબ પ્રબોધન રાજકોટ મહાનગર RSS, શ્રીમતી રસીલાબેન વૈષ્ણવ કોર્પોરેટશ્રી વોર્ડ-૧૭ RMC, સુશ્રી દિવ્યાબેન સાધુ યુવા કથાકાર શ્રી, વગેરે ની વિશેષ ઉપસ્થિતિ રહી. તથા સમસ્ત રામાનંદી સાધુ સમાજ બહોળી સંખ્યા માં હાજર રહ્યો હતો.

સમસ્ત રામાનંદી સાધુ સમાજમાં સ્ત્રી સશક્તિકરણ થાય અને સ્ત્રીઓ પોતાના ક્ષેત્રે વધુ આગળ વધે અને સમાજ અને દેશનુ નામ રોશન કરે તેવા શુભઆશય થી કે જે સ્ત્રીઓ કે પોતાના ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે તેનું સન્માન જાહેર મંચ પર થી માતૃ શક્તિ વંદના અંતર્ગત રામાનંદી સાધુ સમાજની નારીઓ શ્રીમતી રસિલાબેન વૈષ્ણવ (કોર્પોરેટર શ્રી વોર્ડ-૧૭ રા.મ્યુ.કો.), સુશ્રી દિવ્યાબેન સાધુ (આપણા સમાજના એક માત્ર યુવા કથાકારશ્રી), સુશ્રી પલકબેન નિમાવત (લેબ ટેકનીશયન માઈક્રોબયોલોજી),સુશ્રી સ્નેહાબેન અગ્રાવત (સૌરાષ્ટ્ર સનાતન સમીતી) વગેરે ને નારી રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. તેમજ તમામ વિજેતા વિદ્યાર્થીઓ ને શિલ્ડ આપીને સન્માનીત કરેલ હતા.

આ કાર્યક્રમ માં પ્રમુખ શ્રી રવિરાજભાઈ રામાવત તેમજ કાર્યક્રમ ના મુખ્ય ઈન્ચાર્જ શ્રી હિતેશભાઈ રામાવત ની આગેવાની હેઠળ શ્રી અનંતભાઈ નેનુજી, શ્રી કેયુરભાઈ નિમાવત, શ્રી મયંક રામાવત, શ્રી સિદ્ધાર્થ લશ્કરી, શ્રી દેવાંગ નિમાવત,શ્રી કિશોરભાઈ નિમાવત, શ્રી જે.ડી.નિમ્બાર્ક, શ્રી તરુણભાઈ નિમાવત, શ્રી જીજ્ઞેશભાઈ અગ્રાવત, શ્રી વિવેકભાઈ નિમાવત, શ્રી જગદીશભાઈ ટીલાવત, શ્રી અલ્પેશભાઈ અગ્રાવત, શ્રી અજય દેવમુરારી, શ્રી અનિલભાઈ દેવમુરારી, શ્રી ચામુંડરાઈ માધવાચાર્ય,શ્રી અમિતભાઈ વૈષ્ણવ, શ્રી કરણભાઈ કુબાવત, શ્રી તુષારભાઈ અગ્રાવત, શ્રી કવનભાઈ અગ્રાવત, શ્રી ધ્રુવભાઈ રામાનુજ,શ્રી રજનીભાઈ રામાવત, શ્રી અશોકભાઈ ટીલાવત, શ્રી રાજનભાઈ દેવમુરારી, શ્રી જયસનભાઈ દેવમુરારી, શ્રી પાવનભાઈ કુબાવત,શ્રી રેનીશભાઈ દેવમુરારી, શ્રી પ્રવીણભાઈ રામપ્રસાદી, શ્રી શૈલેષભાઈ દેવમુરારી, શ્રી જયેશભાઈ કુબાવત, શ્રી રાજુભાઈ કુબાવત,શ્રી માનવભાઈ નિમાવત, શ્રી વિમલભાઈ કીલજી, શ્રી નૈમીશ ટીલાવત, શ્રી ચંદ્રકાંત લશ્કરી, શ્રી અભિષેક રામાનુજ, શ્રી પ્રીત નિમાવત, શ્રી શ્યામ દેવમુરારી, શ્રી ભાર્ગવ દેવમુરારી, શ્રી હર્ષ નિમાવત, શ્રી મિહિર અગ્રાવત, શ્રી પ્રીતેશ કુબાવત, શ્રી આર્યન સુખાનંદી તથા સમગ્ર કાર્યક્રમ નુ સંચાલન રાજકોટ ના સુપ્રસિદ્ધ એક્કર એવા હિરેનભાઈ રામાવત દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ પરિવાર ના તમામ લોકો એ ખુબ જ જહેમત ઉઠાવી હતી.

**સંકલન- રવિરાજભાઈ રામાવત.- ૯૯૨૪૯૫૫૫૦૪**

# BIODATA



## Personal Details:

Name : Nimavat Vishal Bharatbhai
Date Of Birth : 03/10/1396
Height : 5.8 Feet
Weight : 75 kg
Hobby : Learning, Reading, Cricket

**Education** : B. Com. ( Bachelor of Commerce)

**Profession** : AXIS BANK Assistant Manager

## Family Details:

Father Name : Bharatbhai Parshotamdas Nimavat
Mother Name : Late. Jayshreeben Bharatbhsi Nimavat
Sister : 2 (Married)

## Contact Details:

Home Address : Gopinath Residency, Kamrej, Surat.
Native Place : Dhangla, Liliya, Amreli.
Mo. : 9714213800 / 7990550353 / 8238362542

રૂા.૫૦૦/- પ.નં ૭૪૧૯ થી જમા



ઉપકાર ભુલે તે મુર્ખ પણ ઉપકારને કહી બતાવે તે મહામુર્ખ



# :: સંસ્થા સમાચાર ::

**છાત્રાબાળાઓને દાતાશ્રી તરફથી અપાયેલ મિષ્ટભોજન**
**તિથી અંતર્ગત અપાયેલ ભોજનની યાદી**

તા.૧૬/૬/૨૦૨૬ થી તા.૧૪/૭/૨૦૨૬ સુધી ● જેઠ સુદ-૨ થી જેઠ વદ-૧ સુધી

**અહેવાલ લેખનઃ હિતેશભાઈ ડી.કુબાવત સહમંત્રી રાજ્ય મંડળ**

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન અંતર્ગત



**(જેઠ સુદ-૨ મંગળવાર, તા-૧૬/૦૬/૨૦૨૬)**

અમરેલી નિવાસી સ્વ.શ્રી **બાલકૃષ્ણભાઈ જે. દેવમુરારી** ની પુણ્યતિથી નિમિત્તે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી. હસ્તેઃ- ભાવેશભાઈ બાલકૃષ્ણભાઈ દેવમુરારી, ડો. અતુલભાઈ દેવમુરારી

મિષ્ટાન મેનુ (બપોર) :- લાપસી-કઠોળ, ફરસાણ, દાળ-ભાત, શાક, સલાડ, છાસ, પાપડ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(જેઠ સુદ-૨ મંગળવાર, તા-૧૬/૦૬/૨૦૨૬)**

મોવિયા નિવાસી **સ્વ.સવિતાબેન પ્રણજીવનદાસ નિમાવત** પુણ્યતિથી નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી. ..હસ્તે :- પ્રણજીવનદાસ ભાયલાલભાઈ નિમાવત, પ્રેરકઃ- સંદિપભાઈ નિમાવત (પડધરી)

મિષ્ટાન મેનુ (બપોર) :- લાપસી-કઠોળ, ફરસાણ, શાક, દાળ-ભાત, સલાડ, છાસ, પાપડ

## રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(જેઠ સુદ-૨ મંગળવાર, તા-૧૬/૦૬/૨૦૨૬)**

રાજપીપળા નિવાસી **રીનાબેન રાજેશભાઈ કુબાવત** ની...પુણ્યતિથિ નિમિત્તે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યુ.છાત્રબાળાઓ દ્વારા શ્રદ્ધાંજલી...આપવામાં આવી.

હસ્તે :- રાજેશભાઈ મનસુખભાઈ કુબાવત

મિષ્ટાન મેનુ (સાંજે) :- ટોપરા પાક, ભજીયા, કઢી, ભાત,સલાડ, છાશ, વેફર્સ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(જેઠ સુદ-૨ મંગળવાર, તા-૧૬/૦૬/૨૦૨૬)**

મોરબી નિવાસી **સ્વ.શ્રી જયાબેન તુલસીદાસ અગ્રાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

હસ્તેઃ- તુલસીદાસ માધવદાસજી અગ્રાવત પ્રેરકઃ- ઘજશ્યામભાઈ આર. નિમાવત (સં. મંત્રી રામભક્ત)

મિષ્ટાન મેનુ (સાંજે) : ટોપરા પાક, ભજીયા, કઢી, ભાત,સલાડ, છાશ, વેફર્સ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(જેઠ સુદ-૬, શનિવાર - તા.૨૦-૦૬-૨૬)**

ખમીદાણા નિવાસી **સ્વ.શ્રી કાલીદાસ ભગવાનદાસ અગ્રાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજનાઅંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી... આપવામાં આવી. હસ્તે :- નરોત્તમદાસજી ભગવાનદાસજી અગ્રાવત, અભિષેક કાંતીલાલ અગ્રાવત

મિષ્ટાનમેનુ (સાજે):- છુટી ગુંદી-ગાઠીયા, રોટલી, દાળ-ભાત, શાક, પાપડ, સંભારો, છાશ.



શાંતિવગરનું સુખ એ માત્રને માત્ર સુવિધા છે.

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(જેઠ સુદ-૩, સોમવાર - તા.૨૨-૦૬-૨૬)**

થરાદ નિવાસી **સ્વ.શ્રી મોતિબેન તેજરામદમસ સાધુ** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી... આપવામાં આવી.

હસ્તેઃ- જેતરામભાઈ તેજરામભાઈ સાધુ

મિષ્ટાન મેનુ(સાંજે):-મોહનથાળ-ગાઠીયા, રોટલી, દાળ-ભાત, શાક, સલાડ, છાસ, પાપડ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(જેઠ સુદ-૧૧, ગુરુવાર - તા.૨૫-૦૬-૨૬)**

કોવાયા નિવાસી **સ્વ.શ્રી મહંતશ્રી ભક્તિરામજી જેજેરામજી અગ્રાવતની** પુણ્યતિથિ નિમતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી. હસ્તે :-મહંત શુરેશબાપુ ભક્તિરામજી અગ્રાવત, જગદિશભાઈ ભક્તિકરામજી અગ્રાવત તથા હરિભાઈ બી. અગ્રાવત

મિષ્ટાનમેનુ :-શિખંડ, પુરી, ખમણ, રોટલી, દાળ, ભાત, શાક, પાપડ, સંભારો, છાશ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન મેરેજ-ડે અંતર્ગત





**(જેઠ સુદ-૧૧, ગુરુવાર - તા.૨૫-૦૬-૨૬)**

આદીપુર(કચ્છ) નિવાસી **સ્વ.શ્રી રમેશભાઈ શિવરામભાઈ સાધુ સાથે શ્રીમતિ મંજુલાબેન લગ્ન ગ્રંથથી જોડાતા** મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.છાત્રબાળાઓ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી.હસ્તેઃ- રમેશભાઈ શિવરામભાઈ સાધુ

મિષ્ટાનમેનુ (બપોરે ) :- શિખંડ, પુરી, ખમણ, રોટલી, દાળ, ભાત, શાક, પાપડ, સંભારો, છાશ

## રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(જેઠ સુદ-૧૧, ગુરુવાર - તા.૨૫-૦૬-૨૬)**

જુનાગઢ નિવાસી **સ્વ.શ્રી વાસંતિબેન શિવરંજનભાઈ દેવમુરારી** ની પૂણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી... આપવામાં આવી.

હસ્તે :- શિવરંજનભાઈ એસ. દેવમુરારી

મિષ્ટામેનુ(બપોરે):- શિખંડ, પુરી, ખમણ, રોટલી, દાળ, ભાત, શાક, પાપડ, સંભારો, છાશ

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન અંતર્ગત



**(જેઠ સુદ-૧૩, શનિવાર - તા.૨૭-૦૬-૨૬)**

ખાંડાધાર નિવાસી **સ્વ.શ્રી ગૌતમભાઈ જયપ્રકાશભાઈ અગ્રાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી .હસ્તે :- જયપ્રકાશભાઈ સંતોષદાસજી અગ્રાવત, ગીતાબેન જયપ્રકાશભાઈ અગ્રાવત

મિષ્ટાન મેનુ(બપોરે):-રવાનો શિરો (પ્રસાદ), ફરસાણ, રોટલી, દાળ, ભાત, શાક, પાપડ, સંભારો, છાશ

## રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(જેઠ સુદ-૧૪, રવિવાર - તા.૨૮-૦૬-૨૬)**

મોટા ઝીંઝુડા નિવાસી **સ્વ.શ્રી ભાવેશભાઈ બંસીદાસજી નિમાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી... આપવામાં આવી.

હસ્તે :-ભુમીકાબેન ભાવેશભાઈ નિમાવત(પત્નિ), પરમ ભાવેશભાઈ નિમાવત

મિષ્ટાનમેનુ (બપોરે):- મોહનથાળ, સેવ ગાઠિયા, રોટલી, દાળ, ભાત, શાક, પાપડ, સંભારો, છાશ

દરેક બાળાઓને રૂ/- ૨૦ દક્ષિણા આપેલ છે.



શબ્દો કરતા મૌન હંમેશા મુલ્યવાન હોય છે.

## રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(જેઠ સુદ - ૧૫ સોમવાર - તા.૨૯/૦૬/૨૦૨૬)**

મુ.કોટા નિવાસી **અરુણાબેન વિશ્રુપ્રસાદજી નિમાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી... આપવામાં આવી.

હસ્તે:- હેમાંશુભાઈ વિશ્રુપ્રસાદજી નિમાવત, શ્રીમતી હેમાંશુભાઈ નિમાવત

મિષ્ટાન મેનુ (સાંજે):- લાડવા, મોહનથાળ, રોટલી, દાળ, ભાત, શાક, પાપડ, સંભારો, છાશ

## રૂા.૧૧૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(જેઠ સુદ - ૧૫ સોમવાર - તા.૨૯/૦૬/૨૦૨૬)**

સુરત નિવાસી **પ.પુ. કબીરસાહેબ ગુરુશ્રી જગતગુરુ રામાનંદ આચાર્યજી મહારાજ** ની પુણ્યતિથી નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધધાંજલી આપવામાં આવી. હસ્તે :- સતિશભાઈ વલ્લભભાઈ ભગત (પટેલ), વલ્લભભાઈ મકનજીભાઈ ભગત

મિષ્ટાનમેનુ (બપોરે) :- શેવ બરજ, દુધીનો હલવો, રોટલી, કઢી, ભાત, પાપડ

## રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન જન્મદિવસ અંતર્ગત



**(જેઠ સુદ - ૧૫ સોમવાર - તા.૨૯/૦૬/૨૦૨૬)**

ખાંભડા નિવાસી **સ્વ.શ્રી મણીરામજી ભગવાનદાસજી નિમાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

હસ્તે :- ઋષિરાજભાઈ મણીરામભાઈ દેવમોરારી, ઉમેદભાઈ મણીરામભાઈ દેવમોરારી

મિષ્ટાનમેનુ (સાંજ) :- ખીર, પુરી, વટાણા-બટેટા નું શાક, વેફર

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(જેઠ વદ - ૧ મંગળવાર - તા.૩૦/૦૬/૨૦૨૬)**

વેરાવળ શાપર નિવાસી સ્વ.શ્રી **રમેશભાઈ હેમંતભાઈ અગ્રાવત** ની પુણ્યતિથિ નિમિતે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી.

હસ્તે :- પ્રકાશભાઈ હેમંતભાઈ અગ્રાવત

મિષ્ટામેનુ (બપોરે):- ટોપરાપાક, સેવ, રોટલી, દાળ, ભાત, શાક, પાપડ, સંભારો, છાશ

## રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(જેઠ વદ - ૧ મંગળવાર - તા.૩૦/૦૬/૨૦૨૬)**

રાજકોટ નિવાસી **ચી.વત્સલભાઈ રાધેશ્યામભાઈ વિશ્રુસ્વામી** દ્વારા મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી. હસ્તે :- રાધેશ્યામભાઈ એન. વિશ્રુસ્વામી

મિષ્ટાન મેનુ (સાંજ):- ઓરમુ-અડદદાળ, રોટલી-રોટલા, ભરેલા રીંગણનું શાક, ભાત ,લસણ ચટણી, સંભારો

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ - સાવરકુંડલા**



**સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.**

**80G No. : AAFTS4033AF20218**

**સંસ્થાને દાન આપનાર દાતાને 80-G મુજબ કરમુક્તી મળશે.**





# સ્વામીશ્રી રામાનંદાચાર્યજી શિક્ષણ સંસ્થાન્
## અહેવાલ

મારા અગાઉના નિવેદન મા સ્વામીશ્રી રામાનંદાચાર્યજી સંસ્થાની કાર્યવિધી અંગે વિસ્તારથી ચર્ચા કરવામા આવી. છેલ્લા બે વર્ષમા પંચવર્ષિય સભ્ય દાતાઓ સંસ્થા સાથે જોડાયેલા છે.સમાજની મોટ વર્ગ શિક્ષીત કેળવવા માટે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત નોકરીયાત વ્યવસાયીક હોવા છતા ઉચ્ચ કેળવણી માટે સ્થાયીક સંસ્થાના સહાયક (વાહક) બનવામાં સીદ્ધી અનુભવતા જણાય છે. સંસ્થા સમાજના સામાન્ય પરિવાર ના બાળકની ઉચ્ચ શિક્ષણમા આર્થીક સહાયક બનવાના એકમાત્ર ઉદ્દેશ થી કાર્યરત છે. જે નિભેળ સત્ય છે. છતા સમાજના શુભ ચીંતકો વિચારકો તથા યુવાનો દ્વારા સંસ્થાની કાર્ય શૈલી, પારદર્શિતા, નિષ્ઠા અંગેના પ્રશ્નો સણર સુમનો ખુલ્લા મન થી આવકાર્ય છે. પરંતુ સંસ્થાના કર્મને વેગવાન બનાવવા સંચાલકો પ્રતિબધ્ધ છે. અમો ઈચ્છીએ છીએ કે સંસ્થાનો કર્મભાર શિક્ષિત યુવાનો, વ્યવસાયીકો, કાર્યકરો સંભાળે. પરંતુ તે પહેલા દાતા સભ્યો શિક્ષીતો તથા ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત વ્યવસાયિકો સંસ્થા સાથે તન, મન, ધન, થી જોડાય તે આવશ્યક છે.

સામાન્યતઃ એક મધ્યમવર્ગીય પરિવાર Week End અથવા નાનકડા પ્રસંગોમા પણ ૫૦૦૦-/ જેવી રકમનો ખર્ચ કરે જ છે. અહી થી તો એક વર્ષના ૫૦૦૦/- આર્થિક યોજના છે. તેમા સહાયક બનવુ અઘરુ નથી. સંપન્ન પરિવાર જનો ઈચ્છે તો જરુર સહાયક બની શકે. તો રુચીથી વિનંતી છે કે સમાજના સુશિક્ષીત, સંપન્ન, મધ્યમવર્ગીય પરિવારોના યુવકો સંસ્થા સાથે જોડાઈ ને આપણા આગમી પેઢીના તેજસ્વી વિદ્યાર્થી યુવાનો ને આથીક આયોજન ના સહાયક બનીએ. સમાજ મહાન છે. તથા શિક્ષીત અને સંગઠીત સમાજ માટે સામાજીક કાર્યને સરળ બનાવવા મા કોઈ સમસ્યા નડતી નથી. સમાજની જાણકારી હેતુ માર્ચ-૨૯ થી જુન-૧૫ સુધી પ્રાપ્ત દાતા સભ્યોની સુચી રજુ કરુ છુ. અસ્તુ સીતારામ.

| | |
|---|---|
| ૧૫૦૦૦/- | ભરતભાઈ એમ. વૈષ્ણવ - અંજાર |
| ૫૦૧/- | રાજુભાઈ વૈષ્ણવ - અમદાવાદ |
| ૫૦૧/- | કપીલભાઈ રામાનુજ - હળવદ |
| ૫૦૧/- | ધીરજલાલ કે. નિરંજન - ઈંગોરાળા |
| ૫૦૧/- | રાજેન્દ્રબાપુ મહંતશ્રી રામમંદિર - મોરબી |
| ૫૦૧/- | ચંદ્રકાંત સી. દેવમુરારી - ભાવનગર |
| ૫૦૧/- | બટુકલાલ નિમ્બાર્ક - અમદાવાદ |
| ૫૦૦૦/- | ભીખુભાઈ અગ્રાવત - અમરેલી |
| ૧૦૦૧/- | મુકુંદભાઈ વૈષ્ણવ - રતનપર |
| ૫૦૦૦/- | સુરેશચંદ્ર બટુકલાલ નિમ્બાર્ક - અમદાવાદ |
| ૫૦૦૦/- | કમલેશકુમાર મનહરલાલ વૈષ્ણવ - વડોદરા |
| ૧૦૦૧/- | કીરીટકુમાર અગ્રાવત - ભાવનગર |
| ૫૦૧/- | ડો. અરુણાબેન અગ્રાવત - રાજકોટ |
| ૫૦૧/- | સરોજબેન રાજુભાઈ વૈષ્ણવ - અમદાવાદ |
| ૫૦૧/- | રાજુભાઈ વૈષ્ણવ - અમદાવાદ |
| ૧૧૦૦/- | ડો. સુભાષભાઈ અગ્રાવત - અમદાવાદ |
| ૫૦૦૦/- | સરોજબેન રાજુભાઈ વૈષ્ણવ - અમદાવાદ |
| ૫૦૦૦/- | રમેશભાઈ વૈષ્ણવ - મહેસાણા |
| ૧૦૦૦/- | પ્રધ્યુમનભાઈ રામાનુજ - બજાણા |
| ૫૦૧/- | અરુણભાઈ દેવમુરારી - સાવરકુંડલા |
| ૫૦૧/- | દક્ષેશભાઈ રાઠવા - અમદાવાદ |
| ૫૦૦૦/- | કીરીટભાઈ એમ. અગ્રાવત - ભાવનગર |
| ૫૦૧/- | અમીતભાઈ હિંમતલાલ વૈષ્ણવ - વડોદરા |
| ૧૧૦૧/- | રાજુભાઈ વૈષ્ણવ - અમદાવાદ |
| ૫૦૦૦/- | દિનેશભાઈ ગોપાલદાસ વૈષ્ણવ - સુરેન્દ્રનગર |
| ૧૦૦૧/- | સ્વ. હિંમતલાલ દેવીદાસ રામાનુજ - વડોદરા |
| ૫૦૧/- | કપીલભાઈ રામાનુજ - હળવદ |
| ૧૦૦૧/- | સરોજબેન રાજુભાઈ વૈષ્ણવ - અમદાવાદ |
| ૭૫૩/- | પુષ્કરભાઈ સાધુ - નખત્રાણા |
| ૫૦૨/- | રાધેશ્યામભાઈ રામાનુજ - મહેસાણા |
| ૧૧૦૦૦/- | કનૈયાલાલ મગનલાલ પટેલ - વિસનગર |
| ૧૦૦૨/- | કીરીટકુમાર અગ્રાવત - ભાવનગર |
| ૧૧૦૦/- | ડો. ડી. એમ. અગ્રાવત - રાજકોટ |
| ૨૫૧/- | સુધીરભાઈ આદિત્યરામજી વૈષ્ણવ - જોરાવરનગર |
| ૧૦૦૦૦/- | ઘનશ્યામબાપુ વજેરામજી રામાનુજ - સાવરકુંડલા |
| ૫૦૦૦/- | રામભરોસે ( સ્વ. કપીલભાઈ વૈષ્ણવ વઢવાણ) |
| ૫૦૦૦/- | સ્વ. હિંમતલાલ દેવીદાસ વૈષ્ણવ - વડોદરા |
| ૧૧૦૦/- | વિષ્ણુભાઈ પીપાવત - અમદમવાદ |
| ૨૫૧/- | અજયભાઈ કટુકલાલ નિમ્બાર્ક - અમદાવાદ |
| ૧૫૦૦૦/- | અકાલા સુનીલભાઈ વૈષ્ણવ - સુરેન્દ્રનગર |

**સંકલન- રઘુવિરભાઈ એમ. રામાનુજ(પ્રમુખ)**

## શ્રધ્ધાંજલી



સ્વ.જગદીશભાઈ
નાનાલાલ અગ્રાવત

સ્વ.જગદીશભાઈ નાનાલાલ અગ્રાવત ઉ.વ.૫૮(પોસ્ટમેન)મુકામ શિહોર.જી.ભાવનગર તા. ૨૯/૦૬/૨૬ ને સોમવાર નાં રોજ સાકેતગમન થયેલ છે.તેઓ નિકુંજભાઈનાં પિતાશ્રી થાય. તેમજ ડૉ.અનિલભાઈ દલસુખરાય રામાનુજ (અમરેલી) કારોબારી સભ્ય શ્રી રાજ્ય મંડળનાં કાકાનાં દીકરા ભાઈ તેમજ શ્રી અરુણભાઈ દેવમુરારી પ્રમુખ શ્રી રાજ્ય મંડળનાં કાકાજીનાં દીકરા સાળા થાય.તેમના પરિવાર સાથે સમગ્ર રામાનંદી સમાજ ઊંડા દુ:ખ ની લાગણી અનુભવી રહ્યા છે.પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના દિવંગત સ્વ. જગદીશભાઈ અગ્રાવત ના દિવ્ય આત્મા ને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને પરિવાર પર આવેલ દુ:ખને સહન કરવાની શક્તિ આપે તેવી શ્રી રાઘવેન્દ્ર સરકારને અને શ્રી બજરંગદાસ બાપા ના ચરણો માં પ્રાર્થના

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ રાજ્ય મંડળ સાવરકુંડલા...**

## શ્રધ્ધાંજલી



સ્વ.પરશુરામબાપુ
રણછોડદાસ કુબાવત

સ્વ.પરશુરામબાપુ રણછોડદાસ કુબાવત મુકામ : ખોપાળા જી.બોટાદ નું તા.૦૯/૦૬/૨૬ ને મંગળવાર નાં રોજ સકેતગમન થયેલ છે. તિથિ અનુદાન લાવી આપવામાં પ્રેરણા સ્તોત્ર રહ્યા છે.તેમના પરિવાર સાથે સમગ્ર રામાનંદી સમાજ ઊંડા દુ:ખ ની લાગણી અનુભવી રહ્યા છે.. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના દિવંગત સ્વ. સ્વ.પરશુરામબાપુ દ્વારા વર્ષો થી કન્યા છાત્રાલય સાવરકુંડલા માં તિથિ અનુદાન આપવા માં ખૂબ અમૂલ્ય પ્રદાન આપેલ છે.અન્ય સમાજ માંથી પરશુરામરામબાપુ. રણછોડદાસ કુબાવત ના દિવ્ય આત્મા ને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને પરિવાર પર આવેલ દુ:ખને સહન કરવાની શક્તિ આપે તેવી શ્રી રાઘવેન્દ્ર સરકારને અને શ્રી બજરંગદાસ બાપા ના ચરણો માં પ્રાર્થના

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ રાજ્ય મંડળ સાવરકુંડલા...**

## શ્રધ્ધાંજલી



સ્વ.આનંદીબેન
હરજીવનદાસ રામાનુજ

સ્વ.આનંદીબેન હરજીવનદાસ રામાનુજ મુકામ સુંદરીયાણા તા.૧૯/૦૬/૨૬ ને શનિવારના રોજ સાકેતવાસી થયેલ છે. તેઓ ડૉ.મહેશભાઈનાં માતૃશ્રી થાય. તેમજ સ્વ.ડૉ.મધુભાઈ વૈષ્ણવ.( રોજીદ) જેઓ આપણા પૂર્વ ટ્રસ્ટી અને પૂર્વતંત્રી શ્રી રામભક્તનાં બહેન થાય.અને શ્રી અશોકભાઈ રામાનુજ પૂર્વ પ્રમુખશ્રી અને ટ્રસ્ટીશ્રી રાજ્યમંડળનાં તથા ગુણવંતરાય રામાનુજ બોટાદ હાલ(ગૃહપતિ કન્યા છાત્રાલય સાવરકુંડલા)નાં મોટા સાળી(પાટલા સાસુ) થાય. તેમના પરિવારની દુ:ખની ઘડીએ સમગ્ર રામાનંદી સમાજ ઊંડા દુ:ખ ની લાગણી અનુભવી રહ્યા છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના. દિવંગત સ્વ. આનંદીબા ના દિવ્ય આત્મા ને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને પરિવાર પર આવેલ દુ:ખને સહન કરવાની શક્તિ આપે તેવી શ્રી બજરંગદાસ બાપા ના ચરણો માં પ્રાર્થના..

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ રાજ્ય મંડળ સાવરકુંડલા...**

## શ્રધ્ધાંજલી



સ્વ.દિપકકુમાર
ગોવિંદભાઈ શાહ

સ્વ.દિપકકુમાર ગોવિંદભાઈ શાહ મુકામ અમદાવાદ.નું તા.૧૮/૦૬/૨૬ ને ગુરુવાર નાં રોજ સાકેતગમન થયેલ છે.તેઓ સોહિલભાઈ નાં પિતાશ્રી થાય.તેમજ સ્વ.પરમાનંદભાઈ કનૈયાલાલ નિમ્બાર્ક નાં જમાઈ થાય.તેમજ રાજ્ય મંડળ નાં દાતા અને સમાજ ના ભામાશા અને જ્ઞાતિ રત્ન એવાં શ્રી દિપકભાઈ નિમ્બાર્ક અમદાવાદ નાં બનેવી થાય.તેમના પરિવાર સાથે સમગ્ર રામાનંદી સમાજ ઊંડા દુ:ખ ની લાગણી અનુભવી રહ્યા છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના દિવંગત સ્વ. દિપકભાઈ શાહ ના દિવ્ય આત્મા ને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને પરિવાર પર આવેલ દુ:ખને સહન કરવાની શક્તિ આપે તેવી શ્રી રાઘવેન્દ્ર સરકારને અને શ્રી બજરંગદાસ બાપા ના ચરણો માં પ્રાર્થના

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ રાજ્ય મંડળ સાવરકુંડલા...**



ઉપકાર ભુલે તે મુર્ખ પણ ઉપકારને કહી બતાવે તે મહામુર્ખ

**આર્થિક સાથી** બેંકની સુવિધાઓ વિશે જાણો જે તમારો અધિકાર છે

# વૃદ્ધોને ઘરે બેઠા રોકડા, લોકર ભાડામાં છૂટ અને બેંકમાં અલગ કાઉન્ટર મળશે

૬૦ વર્ષથી વધુ ઉંમરના નાગરિકો માટે સરકારી અને ખાનગી બેંકોમાં કેટલીક સુવિધાઓ આપવી ફરજિયાત છે. જાણો, કઈ-કઈ સેવાઓ તમારો અધિકાર છે અને જો આ ન મળે તો ક્યાં ફરિયાદ કરવી?

## ડોરસ્ટેપથી ઘરે બેઠા બેંકિંગની સેવા

મોટી ઉંમરે કે બીમારીના કારણે જો વૃદ્ધો બેંક જવા માટે અસમર્થ છે, તો ડોરસ્ટેપ બેંકિંગનો લાભ લઈ શકે છે.

**-આ તમારો અધિકારઃ** ૭૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધોને આ સેવા આપવી તમામ બેંકો માટે ફરજિયાત છે. લાભ લેવા માટે બેંકના ટોલ ફ્રી નંબર પર રજિસ્ટ્રેશન કરાવો.

**મળતી સુવિધાઓઃ** બેંક પ્રતિનિધિ પોતે ઘરે આવીને રોકડ જમા કરાવવા રોકડ ઉપાડવી, ચેક લેવો ડિમાન્ડ ડ્રાફ્ટ પહોંચાડવો અને પેન્શનર્સનું જીવન પ્રમાણપત્ર કલેક્ટ કરવા જેવી સુવિધાઓ મળે છે.

## એકાઉન્ટ સિનિયર સિટિઝનમાં બદલવું

બેંક રેકોર્ડમાં તમારી ઉંમર ૬૦ થતા જ આપ મેળે તમારું એકાઉન્ટ સિનિયર સિટિઝનમાં બદલવું જરૂરી છે.

**આ તમારો અધિકારઃ** જો તમારું એકાઉન્ટ ૬૦ વર્ષની ઉંમર થયા પછી પણ સામાન્ય ખાતાની જેમ ચાલી રહ્યું છે તો પોતાની બ્રાંચમાં જઈને તેને સિનિયર સિટિઝન એકાઉન્ટમાં બદલવાની માંગ કરો.

**મળતી સુવિધાઓઃ** સિનિયર સિટિઝન એકાઉન્ટ થતા જ તમને ફોર્મ-15H, જીવન પ્રમાણપત્ર, અલગ કાઉન્ટર સહિત ઘણી સર્વિસમાં છૂટ મળવા લાગે છે.

## ફરિયાદ ક્યાં કરવી?



જો બેંકમાં સુવિધા ન મળેતો તમે RBI ને ફરિયાદ કરી શકો છો.

પહેલુ પગલું : બેંક મેનેજરને કે અધિકૃત વેબસાઈટ પર ઓનલાઈન ફરિયાદ નોંધાવો.અથવા ટોલ ફ્રી નંબર ૧૪૪૪૮ પર કોલ કરી શકો છો.

બીજુ પગલું : જો ૩૦ દિવસની અંદર તમારી સમસ્યાનું સમાધાન ન થાય તો cms.rbi.org.in પર બેંકિંગ લોકપાલને ફરિયાદ કરી શકો છો.

**સંકલનઃ અશોકભાઈ જે. રામાનુજ (ખજાનચી ટ્રસ્ટી)**

## ચેકબુક ઘરે આવશે, ચેકના ૨૫ પાના ફ્રી

વૃદ્ધો માટે મફતમાં ચેકબૂક, મફત હોમ ડિલિવરી લઈ ને ઘરેથી જ કેવાયસીની સુવિધા મળે છે.

**આ તમારો અધિકારઃ** RBI ના નિયમ મુજબ વૃદ્ધો દર વર્ષે ઓછામાં ઓછા ૨૫ચેક પાના ફ્રી મેળવી શકે છે. બેંક રૂબરૂ ચેકબુક લેવા આગ્રહ ન કરી શકે.

**મળતી સુવિધાઓઃ** સેવિંગ એકાઉન્ટમાં દર વર્ષે ઓછા માં ઓછા ૨૫ ચેકના પાના મફત મળે છે. લોકરના ભાડામાં વૃદ્ધોને રાહત મળે છે. જીવન પ્રમાણપત્ર, કેવાયસી પણ તમે ઘરેથી જ કરાવી શકો છો.

## બેંકમાં લાઇનમાં ઊભા રહેવાની જરૂર નથી

રિઝર્વ બેંકના જણાવ્યા અનુસાર તમામ બેંકો માટે વરિષ્ઠ નાગરિકોને સેવાઓમાં પ્રથમિકતા આપવી અનિવાર્ય છે.

આ તમારો અધિકારઃ જો તમારી ઉંમર ૬૦ વર્ષથી વધુ છે તો કોઈપણ સરકારી કે ખાનગી બેંકમાં તમારે સામાન્ય ગ્રાહકોની જેમ લાઈનમાં ઉભા રહેવાનું નથી.

મળતી સુવિધાઓઃ દરેક બેંક શાખામાં તમારા માટે અલગથી કાઉન્ટર અનિવાર્ય છે. અહિં તમે પૈસા જમા કરવા, ઉપાડવા કે પેન્શન સંબધિત કામ કોઈપણ વિલંબ વિના સરળતાથી કરાવી શકો છો.

# સમસ્ત રામાનંદી સાધુ યુવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ તરીકે જીજ્ઞેશ રામાવતની સર્વાનુમતે વરણી



